રાજ્યમાં પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-C હેઠળ ગ્રીડ કનેક્ટેડ કૃષિ પંપને સોલરાઈઝેશન કરવા અંગેની યોજના બાબત.

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક : SLR/11/2020/851/B1
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૬/૧૧/૨૦૨૦

**વંચાણે લીધા:**

1) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૭.૦૬.૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક:SLR/૧૧/૨૦૧૬/૨૨૮૪/બી૧
2) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૯.૦૯.૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:SLR/૧૧/૨૦૧૬/ ૨૨૮૪/બી૧
3) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારનો તા-૦૮.૦૩.૨૦૧૯નો હુકમ ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭-SPV ડીવીઝન
4) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારની તા- ૨૨.૦૭.૨૦૧૯ ની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭-SPV ડીવીઝન
5) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારની તા- ૧૩.૦૮.૨૦૧૯ની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭-SPV ડીવીઝન
6) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારની તા- ૦૮.૧૧.૨૦૧૯ની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭- SPV ડીવીઝન
7) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારની તા- ૩૧.૧૨.૨૦૧૯ની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭- SPV ડીવીઝન
8) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારનો તા- ૧૯.૦૩.૨૦૨૦ નો હુકમ ક્રમાંક: ૩૨/૫૪/૨૦૧૮- SPV ડીવીઝન
9) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૦૧.૦૭.૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: SLR/૧૧/૨૦૧૯/૧૭૫૬/બી૧
10) નવી અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય, ભારત સરકારની તા-૨૭.૦૭.૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક: ૩૨/૬૪૫/૨૦૧૭-SPV ડીવીઝન(પાર્ટ-૩)

**પ્રસ્તાવના:**

કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦૦ ગીગા વોટ સોલાર પાવર ઉત્પાદનનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. આ માટે કેન્દ્ર સરકારના નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય(MNRE) દ્વારા ખેડૂતો માટે વંચાણે લીધેલ (૩) ના તારીખ ૦૮.૦૩.૨૦૧૯ ના હૂકમથી સોલાર પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવા અને ગ્રીડ કનેક્ટેડ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવા માટે પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન(PM-KUSUM) યોજનાને મંજુરી આપવામાં આવેલ છે. આ યોજનાના કોમ્પોનન્ટ-C હેઠળ દેશભરમાં ૧૦ લાખ ગ્રીડ કનેક્ટેડ કૃષિ પંપને સોલરાઈઝ કરવાની મંજુરી આપવામાં આવેલ. આ યોજનાની અમલવારી ગુજરાત રાજ્યમાં કરવા અંગેની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણાને અંતે રાજ્યનાં ખેડૂતોના લાભાર્થે કેન્દ્ર સરકારની પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) કોમ્પોનન્ટ-સી ગ્રીડ કનેક્ટેડ કૃષિ પંપને સોલરાઈઝ કરવાની યોજનાની અમલવારી ગુજરાત રાજ્યમાં MNREની આ યોજના અંગેની ગાઈડ લાઈન પ્રમાણે નીચેની શરતો તથા ધારાધોરણો મુજબ કરવા માટે આથી ઠરાવમાં આવે છે:

**શરતો:**

(1) આ યોજનામાં ગ્રીડ સાથે જોડાયેલ સિંચાઈ હેતુ માટેના ખેતીવાડી વિજજોડાણ ધરાવતા અરજદારોનો તથા પિયત સહકારી મંડળી/સંગઠન અને ક્લસ્ટર આધારિત સિંચાઈ સિસ્ટમનો સમાવેશ થઇ શકશે.

(2) આ યોજના હેઠળ નાના અને સીમાંત ખેડુતોને તથા સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિઓનો ઉપયોગ કરતા તે યોજના/સિસ્ટમ હેઠળ આવરી લેનારા ખેડુતો/અરજદારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

(3) જે તે ખેતીવાડી ફીડર પરના ઓછામાં ઓછા **૭૦% સુધી** ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો, આ યોજનામાં જોડાવા સહમતી આપે તેવા ફીડરનો આ યોજનામાં સમાવેશ થઇ શકશે.

(4) સરકારશ્રીની દિનકર યોજનામાં આવરી લેવાતા ખેતીવાડી ફીડરો ઉપરના ખેતીવાડી વીજ ગ્રાહકો પણ આ યોજનાનો લાભ લઈ શકશે. આ માટે જે તે કિસાન સૂર્યોદય યોજનાના ફીડર માટે ઉપરોકત ૭૦ % સમાવેશનું ધોરણ લાગુ પડશે નહીં, પરંતુ આવા ફીડરો ઉપર થ્રી ફેઝ વીજ પુરવઠો નિયમ મુજબ ૮ કલાક ચાલુ રહેશે. જો આવા ફીડરો ઉપર આ યોજનામાં જોડતા ખેતીવાડી ગ્રાહકોની સંખ્યા ૭૦ % સુધી પહોંચે ત્યારે ફીડરમાં દિવસ દરમ્યાન સૂર્યોદય થી સુર્યાસ્ત સુધી થ્રી ફેઝ વીજ પુરવઠો શરત નં. '11' મુજબ ચાલુ રાખવાનો રહેશે અને બાકીના યોજનામાં ન જોડાતા ગ્રાહકોનો થ્રી ફેઝ વીજ પુરવઠો શરત નં. '12' મુજબ રહેશે.

(5) ડાર્ક ઝોન વિસ્તારમાં ફકત સુક્ષ્મ પિયત પદ્ધતિનો ઉપયોગ કરતા હયાત વીજ જોડાણ ધરાવતા ખેડૂતો જ આ યોજનામાં જોડાઈ શકશે.

(6) આ યોજનામાં જોડાતા ખેડૂતો પોતાના ખેતરમાં તેમના સિંચાઇ હેતુના ખેતીવાડી વીજ જોડાણના કરારીત વિજભારને HP માંથી kW માં રૂપાંતરિત કરી, જેતે kW ના ૧.૭૫ ગણા લેખે સોલાર ફોટોવોલ્ટિક પીવી સિસ્ટમ સ્થાપિત કરી શકશે.

(7) આ યોજનામાં જોડાતા ખેડુતોને સોલાર સિસ્ટમ સ્થાપિત કરવાના કુલ ખર્ચના 30 % રકમ કેન્દ્ર સરકારની સહાય (CFA) તરીકે, 30 % રકમ રાજ્ય સરકારની સહાય (સબસિડી) તરીકે આપવામાં આવશે અને બાકીની ૪૦ % રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહેશે.

(8) ઉપરોક્ત સબસીડી અને CFA ૭.૫ હોર્સપાવર (HP)ની ક્ષમતા સુધીના કરારીત વિજભાર ધરાવતા વિજજોડાણ માટે, તેમના કરારીત વિજભાર(5.595 kW) ને ૧.૭૫ ગણા લેખે એટલે કે 9.79 kW (5.595 kW ×1.75) સોલાર ફોટોવોલ્ટિક પીવી સિસ્ટમ માટે જ મર્યાદિત રહેશે.

(9) આ યોજનામાં મળવાપાત્ર સોલાર સિસ્ટમ માટે ૭.૫ HP સુધીના જ કરારીત વિજભાર ધરાવતા ખેતીવાડી વીજ જોડાણનો સમાવેશ કરી શકાશે. ૭.૫ HPથી ઉપરના કરારીત વિજભાર ધરાવતા વીજ જોડાણો માટે સોલાર ક્ષમતા અને સબસીડી માટે ૭.૫ HPના ખેતીવાડી વીજ જોડાણને મળવાપાત્ર ક્ષમતા સુધી મર્યાદિત રહેશે.

(10) ખેડૂત અને જે તે વીજવિતરણ કંપની વચ્ચે વધારાની ઉત્પાદિત સોલાર વીજળીની ખરીદ-વેચાણ માટે ૨૫ વર્ષનો કરાર કરવામાં આવશે. આ કરાર દરમિયાન ખેડૂત દ્વારા ખેતીવાડી સિંચાઇ હેતુના વીજ વપરાશ ને બાદ કર્યા પછીની ગ્રીડમાં દાખલ કરેલ વધારાની સરપ્લસ (surplus) (net-injected) વીજળી જે તે વીજવિતરણ કંપની દ્વારા **₹૨.૮૩/યુનિટના** દરે ૨૫ વર્ષ સુધી ખરીદવામાં આવશે તથા નેટ ઈમ્પોર્ટના કિસ્સામાં પ્રવર્તમાન ખેતીવાડી વીજદર મુજબ ચૂકવણી કરવાની રહેશે. આ અંગેનો હિસાબ વર્ષાન્તે કરવાનો રહેશે. આ માટે માનનીય GERC દ્વારા નક્કી થયેલ દર માન્ય રહેશે.

(11) આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ ફીડરમાં સોલાર સિસ્ટમથી ઉત્પાદિત વીજળીને ગ્રીડમાં મોકલવા (inject કરવા) માટે દિવસ દરમ્યાન સૂર્યોદય થી સુર્યાસ્ત સુધી થ્રી ફેઝ વીજ પુરવઠો ચાલુ રાખવાનો રહેશે. ભૂગર્ભજળનું શોષણ (water exploitation) ઘટાડવા અને પાણીનો સંચય કરવાના હેતુથી યોજનામાં ભાગ લેતા ખેડૂતના પંપસેટને રાજ્ય સરકારની નીતિ મુજબ ૮ કલાક સીમીત વીજ પુરવઠો મળી રહે તે માટે ટેકનીકલ વ્યવસ્થા કરવાની રહેશે.

(12) જે તે ફીડરના આ યોજનામાં ન જોડાતા ગ્રાહકોનો થ્રી ફેઝ વીજ પુરવઠો પ્રવર્તમાન નીતિ મુજબ ૮(આઠ) કલાક મળવા પાત્ર રહેશે. ફીડરના મેનેજમેન્ટ, મોનીટરીંગ, એનર્જી એકાઉન્ટીંગ માટે અન્ય ઉપકરણ જેવા કે, નિરીક્ષક ડીવાઈસ/ Feeder Management System, ડેટા ચાર્જ અને ટ્રાન્સફોર્મરના અર્થીંગ, વિગેરેની રકમ રાજ્ય સરકારશ્રી તરફથી વધારાની ગ્રાન્ટ તરીકે આપવામાં આવશે.

(13) આ યોજનાના અમલીકરણ માટે ભારત સરકારના નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયની (MNRE) ગાઇડલાઈન મુજબ પારદર્શી બીડીંગ પ્રક્રિયા અપનાવી એજન્સીઓ નિયત કરવાની રહેશે. આ એજન્સીઓએ કુદરતી આપત્તિઓ અને ચોરી સામે સ્થાપિત સિસ્ટમો માટે સિસ્ટમોના કાર્યાન્વિત થયાની તારીખથી ૫ વર્ષના સમયગાળા માટેનો ફરજિયાતપણે વીમો અને પાંચ વર્ષ માટે વાર્ષિક સમારકામ કોન્ટ્રાક્ટ(AMC) લેવાનો રહેશે તથા MNREની ગાઈડલાઈન મુજબ રીમોટ મોનીટરીંગ સિસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(14) આ યોજનામાં સ્થાપિત થયેલ સોલાર સીસ્ટમમાં વપરાયેલ સોલાર સેલ અને સોલાર મોડ્યુલ, મોટરપંપ સેટ્સ, કન્ટ્રોલર, બેલેન્સ ઓફ સિસ્ટમ(BOS) વગેરે ભારતમાં ઉત્પાદિત થયેલ હોવા જોઈએ.

(15) સોલર સિસ્ટમની માલિકી પાંચ વર્ષ સુધી સરકારશ્રીની રહેશે. સોલર પેનલની સફાઈની જવાબદારી લાભાર્થીની રહેશે તથા લાભાર્થી પોતાની જમીનમાંથી સોલાર સિસ્ટમ અન્યત્ર ખસેડી શકશે નહી કે કોઈને તબદીલ કરી શકશે નહીં.

(16) જો સોલાર સિસ્ટમના સ્થાપન કર્યાના ૫ વર્ષની અંદર લાભાર્થી જમીનને બિનખેતીમાં રૂપાંતરીત કરાવે કે વેચાણ કરે તો તેણે સબસિડીની ની સંપૂર્ણ રકમ સરકારશ્રીમાં પરત કરવાની રહેશે.

(17) અરજદારને આ હેતુ માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારની બીજી કોઈ પણ યોજના હેઠળ અન્ય કોઈ લાભ મળી શકશે નહિ. જો અરજદારે સરકારશ્રીની બીજી કોઈ પણ યોજના હેઠળ કોઈ લાભ લીધો હોય તેવું જણાશે તો સબસીડીની રકમ તાત્કાલિક ધોરણે વસુલ કરવામાં આવશે.

(18) આ યોજનાના અમલીકરણ માટેની નોડલ એજન્સી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ(GUVNL) રહેશે. આ યોજનાની અમલવારી જે તે વિસ્તારની વીજ વિતરણ કંપની દ્વારા કરવામાં આવશે અને તે બદલ MNRE ની માર્ગદર્શિકા મુજબ મળવા પાત્ર CFA ના ૨% સર્વિસ ચાર્જીસની સહાય MNRE દ્વારા કરવામાં આવશે.

(19) ઉપરોક્ત બાબતો સિવાય આ યોજના માટે વખતો વખત MNRE દ્વારા બહાર પાડવામાં આવતી ગાઈડ લાઈન/સુચન/નિયમો લાગુ પડશે.

(20) સદર યોજનાની જોગવાઈના અમલીકરણ કે અર્થઘટનની સમસ્યાનું નિવારણની સત્તા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ ગુજરાત સરકારને હસ્તક રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૫/૧૧/૨૦૨૦ ની નોંધથી આપેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Date: ...../...../20....

| EE(S) | EE(P) | DE1(S) | DE2(S) | JE(CR) | EST |
|---|---|---|---|---|---|

( ડૉ. નિસર્ગ જોષી )
નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માન.મંત્રીશ્રી(ઉર્જા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. માન.રા.ક.મંત્રીશ્રી(ઉર્જા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૭. અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૮. અધિક મુખ્ય સચિવશ્રી(ઉપેવિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૯. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી., વડોદરા
૧૦. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લી., મહેસાણા
૧૧. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી., રાજકોટ
૧૨. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લી., સુરત
૧૩. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લી., વડોદરા
૧૪. નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર
૧૫. મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી અને શુલ્ક સમાહર્તાશ્રી, ઉદ્યોગભવન, ગાંધીનગર
૧૬. નાણાં સલાહકારશ્રી(ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૭. વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
૧૮. સિલેક્ટ ફાઇલ/નાયબ સેકશન અધિકારીશ્રીની અંગત ફાઇલ